# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 30-10-2024 સવારે : 7.45 થી 7.55

1) રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ નર્મદા જિલ્લાના એકતાનગરની મુલાકાતે આવશે - વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે ..
2) પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના અંતર્ગત હવે 70 વર્ષથી વધુની વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક સારવાર મળશે..
3) ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે વ્યાવસાયિક ભાગીદારી વધારવા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ એક સપ્તાહના સાઉદી અરેબિયાના પ્રવાસે
4) ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે...
5) રામમંદિરના નિર્માણ બાદ પ્રથમ વખત અયોધ્યા 25 લાખ દિવડાઓથી ઝળહળશે. નેપાળના જનકપુરમાં પણ દિવાળીની ઉજવણીનો અનેરો ઉત્સાહ
6) ભારતીય મહિલા ક્રિકેટ ટીમે અમદાવાદમાં રમાયેલી વન ડેમાં ન્યુઝિલેન્ડને હરાવીને શ્રેણી જીતી લીધી

## *PM GUJARAT*

**રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વે સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી નર્મદા જિલ્લાના એકતાનગરની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. શ્રી મોદી આજે 284**

કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી આજે 22 કરોડ રૂપિયનાં ખર્ચે બનેલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનું લોકાર્પણ અને ₹75 કરોડના ખર્ચે બનનારા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે.

શ્રી મોદી ટ્રાફિક સર્કલ્સ, સ્માર્ટ બસ સ્ટોપ અને પિક-અપ સ્ટેન્ડ, કાર ચાર્જિંગ પોર્ટ, 4 મેગાવોટનો સોલર પ્રોજેક્ટ, ICU ઓન-વ્હીલ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર જેવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. 2.58 કરોડ રૂપિયાના ખર્ચે એકતાનગર 3 રસ્તા, ગરૂડેશ્વર ચોક, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની સામે અને સહકાર ભવન પાસે ટ્રાફિક સર્કલ બનાવવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે અને સ્ટેચ્યુ ઑફ યુનિટી પર પુષ્પાંજલિ અર્પણ કરશે.

.................

## *DISTRIBUTION OF HEALTH COVERAGE*

ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત 70 વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય કવરેજનું વિસ્તરણ શરૂ કર્યું છે.. આ તમામ વરિષ્ઠ નાગરિકોને તેમની આવકને ધ્યાનમાં લીધા વિના આયુષ્માન આરોગ્ય કવરેજ પ્રદાન કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સંતોષ વ્યક્ત કર્યો કે દેશમાં લગભગ ચાર કરોડ ગરીબ લોકોએ એક પણ રૂપિયો ચૂકવ્યા વિના સારવાર કરાવીને આયુષ્માન યોજનાનો લાભ લીધો છે. તેમને હોસ્પિટલમાં મફત સારવાર મળશે. શ્રી મોદીએ ભારપૂર્વક કહ્યું કે, કાર્ડ સાર્વત્રિક છે અને આવક પર કોઈ પ્રતિબંધ નથી, પછી તે ગરીબ હોય કે મધ્યમ વર્ગ અથવા ઉચ્ચ વર્ગ. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં 70 વર્ષથી વધુ ઉંમરના દરેક વૃદ્ધને આયુષ્માન વય વંદના કાર્ડ દ્વારા આ યોજનાનો લાભ મળશે.

.................

## *PIYUS GOEL*

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાઉદી અરેબિયાની એક સપ્તાહની મુલાકાતે ગઈકાલે સાંજે રિયાધ પહોંચ્યા છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય ભારત અને સાઉદી અરેબિયા વચ્ચેની ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનો છે. અમારા પશ્ચિમ એશિયા સંવાદદાતા અહેવાલ આપે છે કે, શ્રી ગોયલ રિયાધમાં ફ્યુચર ઇન્વેસ્ટમેન્ટ ઇનિશિયેટિવ (FII) ની 8મી આવૃત્તિમાં ભાગ લેશે, જે એક અગ્રણી પ્લેટફોર્મ છે જે વૈશ્વિક નેતાઓ, રોકાણકારો અને સંશોધનકારોને આમંત્રે છે. બાદમાં તેઓ સાઉદીના ઉદ્યોગ અને ખનિજ સંસાધન મંત્રી સાથે દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લેશે.

શ્રી ગોયલ મુરબ્બાના રિયાધ એવન્યુ મોલમાં લુલુ હાઇપરમાર્કેટ ખાતે દિવાળી ઉત્સવની ઉજવણીનું પણ ઉદ્ઘાટન કરશે. બપોરે, મંત્રી ઉર્જા મંત્રાલય ખાતે અર્થતંત્ર અને રોકાણ સ્તંભ મંત્રી સ્તરીય બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

.................

## *RAILWAY MOU*

ભારતીય રેલ્વેએ બંને દેશો વચ્ચે ટેકનિકલ સહયોગ વધારવા માટે સ્વિટ્ઝર્લેન્ડના પર્યાવરણ, પરિવહન અને સંચાર વિભાગ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. એમઓયુ પર હસ્તાક્ષર સમારોહને સંબોધતા, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે હાઇલાઇટ કર્યું હતું કે એમઓયુ ભારતીય રેલ્વેને ટેક્નોલોજી શેરિંગ, ટ્રેક મેઇન્ટેનન્સ, મેનેજમેન્ટ અને કન્સ્ટ્રક્શન સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહયોગ માટે એક વ્યાપક માળખું પ્રદાન કરશે. તેમણે એમ પણ કહ્યું કે આ એમઓયુ ભારતીય રેલ્વેને આધુનિક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે.

.................

## *ELECTION NOMINATIONS*

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા અને મહારાષ્ટ્રમાં એક તબક્કામાં યોજાનારી ચૂંટણી માટે આજે નામાંકનોની ચકાસણી હાથ ધરવામાં આવશે. ઝારખંડમાં 20મી નવેમ્બરે આ તબક્કામાં 38 મતવિસ્તારો માટે મતદાન થશે. ઉમેદવારો 1લી નવેમ્બર સુધી તેમના નામાંકન પરત ખેંચી શકશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *MORN. MAHA- ELECTIONS*

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે  લગભગ આઠ હજાર  ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે..આ ઉમેદવારોમાં  મુખ્ય રાજકીય પક્ષો શાસક તેમજ વિપક્ષી છાવણીના ઉમેદવારોનો સમાવેશ પણ  થાય છે, ગઈકાલે પૂર્ણ થયેલી પ્રક્રિયાના અંતે 288 વિધાનસભા બેઠકો માટે આ નામાંકન દાખલ કરાયા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 20મી નવેમ્બરે યોજાનારી ચૂંટણી માટે 7 હજાર 995 ઉમેદવારોએ ચૂંટણી પંચ પાસે 10 હજાર 905 નામાંકન દાખલ કર્યા છે.

ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત 22મી ઓક્ટોબરથી થઈ હતી.. ઉમેદવારી પત્રોની ચકાસણી  આજે થશે અને ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ચાર નવેમ્બર છે.

.................

## *AYODHYA DEEPOTSAV*

રામનગરી અયોધ્યામાં આ વર્ષે ભવ્ય દિપોત્સવ યોજાશે, જ્યાં નગરનાં વિવિધ ઘાટ પર દિવા પ્રગટાવવાના અગાઉનાં તમામ વિક્રમ તૂટશે. એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ દિવાળી ઐતિહાસિક છે કારણ કે શ્રી રામના મંદિરને હજારો દિવાથી પ્રજ્વલિત કરવામાં આવશે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણ બાદ આ પ્રથમ દિવાળી ઉજવવામાં આવી રહી છે.

બીજી બાજુ, અયોધ્યામાં આજે ભવ્ય દીપોત્સવ માટેની તૈયારી પૂરજોશમાં ચાલુ છે. પવિત્ર સરયુ નદીનાં વિવિધ ઘાટ પર કુલ 28 લાખ દીવાઓ ગોઠવવામાં આવ્યા છે, જે વિશ્વ વિક્રમ બનશે. સમગ્ર અયોધ્યા 35 લાખથી વધુ દીવાઓથી ઝળહળી ઉઠશે.

.................

## *JANAKPUR DEEPOTSAV*

નેપાળનું પ્રાચીન શહેર જનકપુર, ઉત્તર પ્રદેશમાં અયોધ્યા સાથે ઐતિહાસિક રીતે જોડાયેલું છે, તે રામ મંદિરની 'પ્રાણ પ્રતિષ્ઠા' પછીના પ્રથમ દીપોત્સવની તૈયારી કરી રહ્યું છે દિવાળીનાતહેવારની સાથે, દેવી સીતાના જન્મસ્થળ જનકપુરને રોશની અને વાઇબ્રન્ટ સજાવટથી શણગારવામાં આવે છે.. સ્થાનિક લોકોમાં પણ અનેરો ઉત્સાહ છે અ તેઓ ધૂમ ખરીદી કરીને ઉત્સાહની ઉજવણી કરી રહ્યાં છે..

.................

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ઉત્તર તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહે અને દરિયાકાંઠાના અને દક્ષિણ આંતરિક કર્ણાટકમાં અલગ-અલગ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે.

.................

## *WOMEN CRICKET*

મહિલા ક્રિકેટમાં, ભારતે ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચોની શ્રેણી 2-1થી જીતી લીધી હતી . ગઈકાલે ફાઈનલ મેચમાં ભારતની ટીમે ન્યુઝિલેંડને છ વિકેટથી હરાવ્યું હતું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 233 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે સ્મૃતિ મંધાનાની સદીની મદદથી 45મી ઓવરમાં મેચ સમાપ્ત કરી દીધી હતી. આ પહેલા પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે 232 રન બનાવ્યા હતા.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી પ્રવેશ અડિએચા....

- આજે મોટાભાગના સમાચારપત્રોએ વિવિધ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, મહારાષ્ટ્રમાં રસાકસી – બળવાખોરો, અપક્ષોનો રાફડો. “ભારત-ચીનની સેનાઓ પાછળ હટી” – આ ફૂલછાબનું મુખ્યશીર્ષક છે. દિવ્ય ભાસ્કર લખે છે, આતંકવાદને ખતમ કરવાવાળી 48 QR ટીમના 451 જવાન ફરી એક્ટિવ, ‘ચેતક કમાન્ડો’ ટ્રેનિંગ આપે છે. ગુજરાત સમાચાર લખે છે, સિત્તેર વર્ષથી મોટા સિટિઝનને પાંચ લાખ સુધીની સારવાર મફત. “ધનતેરસ – દેશમાં રૂપિયા 60 હજાર કરોડનું જંગી વેચાણ” આ સંદેશનું મુખ્યશીર્ષક છે.
- ગુજરાત સમાચાર લખે છે, દિવાળી પહેલા રાહુલ ગાંધીની મોદી સરકાર પર આરોપોની આતશબાજી, અદાણી બચાઓ સિન્ડિકેટ – સેબી ચીફ, ભાજપ, અદાણી જૂથ વચ્ચે સાંઠગાંઠ.
- શેરબજારમાં રોકાણ પર વધુ નફાની લાલચ આપી એન્જિનિયર સહિત 3 સાથે 1.34 કરોડની ઠગાઈ – આ સમાચાર દિવ્ય ભાસ્કરે છેલ્લા પાના પર લીધા છે.

- મીડિયા કંપની પાસેથી 23 અને બર્થ ડે માટે 5.68 લાખ લઈને છેતરપિંડી કરનારા પત્રકાર મહેશ લાંગા વિરુદ્ધ વધુ એક F.I.R.
- 18 રાજ્ય માટે 12 હજાર 850 કરોડના આરોગ્ય પ્રકલ્પોનું ઉદ્ઘાટન અને કેરળમાં મંદિરના ઉત્સવમાં વિસ્ફોટ – 150 દાઝ્યા આ બંને સમાચાર ફૂલછાબે પહેલા પાના પર લીધા છે.

--------------